**ક્રિ.ઈન્ક.નં. ૫૬/૨૦૨૩**

**: આંક –૦૧ લગત હુકમ :**

ફરીયાદીએ હાલની ખાનગી ફરીયાદ ઈ.પી.કોડ ની કલમ–૪૦૬, ૪૦૮, ૪૧૮, ૪૨૦ તથા ૧૧૪ મુજબના ગુનાના કામે આક્ષેપો સાથે કોર્ટમા દાખલ કરેલી છે. ફરીયાદ દાખલ કરવામા આવી ત્યારે કોર્ટે ફરીયાદ ઈન્કવાયરી રજીસ્ટરે લઈ ફરીયાદ બાબતે પી.આઈશ્રી, ખંભાત પોલીસ સ્ટેશનનો રીપોર્ટ મંગાવવાનો હુકમ કરેલો હતો. ખંભાત સીટી પોલીસ સ્ટેશનના જાવક નં. ૨૧૨૬/૨૦૨૩ – તા.૨૪–૦૯–૨૦૨૩ નો રીપોર્ટ આંક–૪ થી રજુ છે. આ રીપોર્ટ સાથે પી.આઈશ્રીએ પોલીસ અધિક્ષકશ્રીને લખેલ પત્રની નકલ રજુ કરેલી છે, તે વંચાણે લેતા ત.ક.અમલદારે અરજીના કામે અરજદારને નિવેદન લેવા માટે મોબાઈલ ઉપર જાણ કરેલ છે પરંતુ, તેઓએ પોતે નિવેદન લખાવવા આવી શકે નહી અરજી બાબતે કોઈ કાર્યવાહી કરવી નથી તથા અરજી દફતરે કરવાનુ જણાવેલ છે તેવી હકીકત ત.ક.અમલદારને જણાવેલ હતી. પોલીસ સ્ટેશનથી રીપોર્ટ આવ્યા બાદ કામ સુનાવણી માટે ચાલે છે. કેસનુ રોજકામ જોતા છેલ્લા ૦૧–વર્ષ ઉપરાંતથી ફરીયાદી તરફે કોઈ વકીલશ્રી હાજર રહેતા નથી કે કોઈ મુદ્દત અરજી પણ આપવામા આવેલ નથી. આજરોજ ફરીયાદી તથા તેઓના વકીલશ્રીનો વારંવાર પોકાર કરાવવા છતાં કોર્ટ સમય પુરો થતાં સુધી કોઈ હાજર નથી કે કોઈ મુદ્દત અરજી પણ આપેલ નથી. હાલની ફરીયાદ આગળ ચલાવવા ફરીયાદીને કોઈ રસ હોય તેવુ જણાતુ નથી તેથી ફરીયાદ ફરીયાદીની ગેરહાજરીના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૦૪/૦૭/૨૦૨૬
સ્થળઃ ખંભાત

**(બી.જી.પટેલ )**
**એડી.ચીફ.જ્યુડી.મેજીસ્ટ્રેટ**
**ખંભાત**
**[જજ કોડ નં. જીજે ૦૦૬૫૮]**